# <u>મે. નવસારીના કર્મચારી વળતર અધિનિયમ હેઠળના કમિશ્નર</u>
# <u>શ્રી વી.એચ. પટેલ સાહેબ સમક્ષ</u>

વ.કો.પરચુરણ અરજી નં. ૦૧/૨૦૧૯
આંક – ૧૦

**અરજદાર** :–(૧) મધુબેન નવિનભાઈ રાઠોડ
ઉં.આ.વ. ૫૨, ધંધો –ઘરકામ,
(૨) નિમેશકુમાર નવિનભાઈ રાઠોડ
ઉં.આ.વ. ૩૦, ધંધો –ઘરકામ,
(૩) રાજેશભાઈ નવિનભાઈ રાઠોડ
ઉં.આ.વ. ૨૮, ધંધો –નોકરી.
(૪) ગૌરવ નવિનભાઈ રાઠોડ
ઉ.આ.વ. ૨૬ – ધંધો– નોકરી.

તમામ રહેવાસી :– માણેકપોર,
તા. જલાલપોર, જી. નવસારી.

**–: વિરૂધ્ધ :–**

**સામાવાળા** :– (૧) અર્પણ અશોકભાઈ પટેલ
ઉ.આ.વ. પુખ્ત વયના, ધંધો : વેપાર,
રહે. : ૪૩, શિવાલય, આશાબાગ,
દુધિયા તળાવ, નવસારી. તા. જી. નવસારી.

(૨) ઘી ઓરીઅન્ટ ઈન્સ્યોરન્સ કં.લી.
બીજો માળ ,ફીરોઝ ચેમ્બરસ,ખાંડ બજાર,લાલ ગેટ,સુરત.

**બાબતઃ–** **ડિલે કોન્ડન કરવા બાબત...**

**હાજર રહયાઃ–** અરજદારો તરફે :– વિ.વ.કું. કલ્પનાબેન એ. તિવારી – એડવોકેટ.
સામાવાળા નં. ૧ તરફે :– વિ.વ.શ્રી આર.વી. ખામકર – એડવોકેટ.
સામાવાળા નં. ૨ તરફે :– વિ.વ.શ્રી પી.એમ. શેઠ.– એડવોકેટ.

## <u>: ચુ કા દો :</u>

### ૧. અરજદારની અરજીની વિગતો :–

અરજદારો તરફે હાલની અરજી કામદાર વળતર મેળવવા માટેની અરજી માં થયેલ ઢીલ માફ કરવા માટે હાલની અરજી કરેલ છે. અરજદારની અરજીની ટુંકમા હકીકત

જોતા અરજદાર નં. ૧ ના પતિ અને નં. ૨ થી ૪ વાળા ના પિતા નવીનભાઈ ફકીરભાઈ રાઠોડ સામાવાળા નં. ૧ ની કાર નં. જી.જે ૨૧– એ. એચ. ૬૦૦૮ ની ચલાવતા હતા અને તે રીતે નં. ૧ ને ત્યા ડ્રાઈવર તરીકે નોકરી કરતા હતા તથા નં. ૧ ની સુચના મુજબ કામ માટે જયા કહે ત્યા કાર લઈને જતા હતા. તા. ૨૦/૦૮/૨૦૧૬ ના રોજ સામાવાળા નં. ૧ ની સુચના મુજબ ગુજરનાર નવીનભાઈ રાત્રીના સમયે સદરહું કાર લઈ નવસારી પરત આવતા હતા ત્યારે મુંબઈ અમદાવાદ નેશનલ હાઈવે ઉપર સદરહું કારનો અકસ્માત થયેલ જેમા તેને ઈજા થતા મરણ થયેલ છે. બનાવ અંગે કાસા, જી. પાલઘર પોલીસ સ્ટેશનમા ફર્સ્ટ ગુના રજી. નં. ૧૦૭/૨૦૧૬ થી ફરીયાદ નોંધવામા આવેલ હતી. અરજદારો ગુજરનારના આશ્રિતો છે અને આવકનુ કોઈ બીજુ સાધન નથી. ગુજરનારનો પગાર રૂા. ૧૧,૦૦૦/– જેટલો હતો તથા ઉંમર ૫૬ વર્ષ જેવી હતી. સામાવાળા નં. ૧ ધ્વારા અરજદાર નં. ૧ ને વિશ્વાસ, વચન અને ભરોસો આપેલ કે સામાવાળા નં. ૧ ની ગાડી સંપુર્ણપણે નાશ પામેલ હોય તે સંબંધિત કલેઈમની ચુકવણી વીમા કંપની ધ્વારા કરી આપશે તે સમયે કામદાર વળતર ધારા મુજબની જરૂરી રકમ ચુકવી આપશે. સામાવાળાનો નુકશાનીનો કલેઈમ તા. ૦૩/૧૦/૨૦૧૭ બાદ સેટલ થયેલ છે તેમ છતા કોઈ વળતર ચુકવેલ ન હોય, જેથી વળતરની અરજી દાખલ કરવામા ૧૬૭ દિવસનો ડીલે (વિલંબ) થયેલ છે. જેથી ડીલે મંજુર કરવાથી સામાવાળાને કોઈપણ પ્રકારનુ નુકશાન કે પ્રેજયુડાઈઝ થાય તેમ નથી ઉલ્ટાનુ ન્યાયની નેમ જળવાઈ તેમ છે જે સંજોગોમા ડીલે માફ કરવા માંગણી કરેલ છે.

૨. અરજદારને નોટીસ બજી જતા સામાવાળાઓ વકીલ મારફત હાજર થયેલ છે. પરંતુ ત્યારબાદ કોઈ જવાબ રજુ કરતા ન હોય, આંક–૧ ની અરજી મા તેઓના જવાબનો હકક બંધ કરવામા આવેલ છે.

૩. અરજદાર તરફે કે. એ. તિવારીની રજુઆત ધ્યાને લીધી. સામાવાળાઓ તરફે કોઈ હાજર ન હોય આંક–૧ ની અરજી મા તેઓનો દલીલનો હકક બંધ કરેલ છે.

૪. ઉપરોકત રજુઆતો ધ્યાને લીધી તથા અરજીની હકીકતો ધ્યાને લીધી. અરજદાર તરફે મુળ અરજીમા દાખલ કરવામા થયેલ ડીલે માફ કરવા હાલની અરજી કરેલ છે અને આશરે ૧૬૭ દિવસની ઢીલ હોય, કારણ ધ્યાને લઈ માફ કરી હાલની અરજી

મંજુર કરવા રજુઆત કરેલ છે. અકસ્માત તા. ૨૦/૦૮/૨૦૧૬ ના રોજ થયેલ છે જે સંજોગો જોતા ત્યારથી બે વર્ષમા મુળ વળતરની અરજી તેઓએ દાખલ કરવી જોઈએ. પરંતુ સને ૨૦–૮–૧૯ સુધીમા અરજી દાખલ કરેલ નથી. આ અંગે તેઓએ સામાવાળા નં. ૧ ના વિશ્વાસ, વચન અને ભરોસો ઉપર આધાર રાખેલ અને અરજી નિયત સમયમા ન કરેલ તેવુ કારણ જણાવેલ છે. ઉપરોકત હકીકતને સોગંદનામાથી સમર્થન મળે છે. તેથી વિરૂઘ્ધની કોઈ હકીકત રેકર્ડ ઉપર જણાતી નથી. વળી આશરે ૧૬૭ દિવસ જેવી ડીલે માફ કરવાની માંગણી છે. જે ઘ્યાને લેતા પણ ડીલે માફીના કોઈ વધુ વર્ષો મંજુર કરવાના થતા હોય તેવી કોઈ હકીકત પણ હાલના કામમા રહેલ નથી. દરેક પક્ષકારો નો પોતાનો કેસ પોતાના પુરાવાથી ગુણદોષ ઉપર ચલાવવા પુરતી તક આપવી જોઈએ અને ટેકનીકલ કારણોસર તેને તે તકથી વંચિત રાખવા જોઈએ નહી જે હકીકત ઘ્યાને લેતા હાલના અરજદારોને પણ અરજી લાવવામા થયેલ વિલંબના કારણોસર પુરાવો આપવાની કે તે વળતર અરજી મેરીટ પર રજુઆત કરવાની તકથી વંચિત કરવા જોઈએ નહી તેવુ માનવા લાયક રહે છે. વળી આવી તક આપવાથી સામાવાળાને કોઈ પ્રેજયુડાઈઝ થાય તેમ નથી જે સંજોગો ઘ્યાને લેતા અરજી મંજુર કરવા યોગ્ય જણાય છે જેથી નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

–: **<u>હુ ક મ</u>** :–

(૧) અરજદારની વર્ક.પરચુરણ અરજી નં. ૦૧/૨૦૧૯ મંજુર કરવામા આવે છે.

(૨) અરજદારોને મુળ વળતર અરજી દાખલ કરવામા થયેલ વિલંબ માફ કરી મુળ અરજી રજીસ્ટરે લેવાનો હુકમ કરવામા આવે છે.

(૩) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામા આવતો નથી.

હુકમ આજ તારીખ ૧૩ માહે ડીસેમ્બર સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૩/૧૨/૨૦૧૯
સ્થળ : નવસારી.
CODE : GJ00736

(વિરલ હેમરાજભાઈ પટેલ)
કમિશ્નર,
કર્મચારી વળતર અધિનિયમ,નવસારી.